ગાંધીનગર સમાચાર

ગાંધીનગરના ખેલાડીઓ રાજયકક્ષાની રોલ બોલ સ્પર્ધામાં તૃતીય સ્થાને



# શહેરની શાળાઓના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનો પ્રારંભ

## સે-૨૦ ખાતે યોજાયેલ બે દિવસીય પ્રદર્શનમાં કુલ ૬૬ શાળાના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો : બાળકોએ બનાવેલા વિવિધ પ્રોજેકટ જોઈ ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ દિવ્યાંશુ દવે પ્રભાવિત



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સે-૨૦ની સરકારી પ્રાથમિક શાળા નં. ૧ ખાતે જીસીઈઆરટી, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન તથા શાસનાધિકારી ભવનના સંયુકત ઉપક્રમે શહેર વિસ્તારની સરકારી તેમજ ખાનગી પ્રાથમિક શાળાઓના ગણિત વિજ્ઞાન પ્રદર્શનનો પ્રારંભ થયો છે. આ પ્રદર્શનનું ઉદઘાટન ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ દિવ્યાંશુ દવેના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં કુલ ૬૬ શાળાઓના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે અનેક વિવિધ પ્રોજેકટ રજુ કરાયા છે.

ગણિત-વિજ્ઞાન ઉદઘાટન સમારોહમાં ચિલ્ડ્રન યુનિ.ના કુલપતિ દિવ્યાંશુ દવે ઉપરાંત શાસનાધિકારી અસ્મિતાબેન દવે, સે-૨ પગાર કેન્દ્ર શાળાના આચાર્યા રમિલાબેન જયસ્વાલ, સે-૨૦ સરકારી પ્રા. શાળાના આચાર્યા કૈલાસબેન ગામેતી ઉપસ્થિત રહ્યા હતાં. દિવ્યાંશુ દવેએ તેમના ઉદબોધનમાં બાળકોને પ્રેરણાત્મક ઉદબોધન કરતા શિક્ષકોને શીખ આપી હતી કે ભણતર સરળ છે પરંતુ તેને શીખવવાની પ્રક્રિયા અધૂરી ના હોવી જોઈએ.

ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૫માં કુલ ૩૦ સરકારી શાળાઓ અને ૩૬ ખાનગી શાળાઓએ ભાગ લીધો છે. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રોજેકટ રજૂ કર્યા છે જેમાં વેસ્ટ વોટર મેનેજમેન્ટ, ખેતી અને ખાદ્ય સુરક્ષા, સોલાર ઈરીગેશન, સુનામી અંગે ચેતવણી આપતું યંત્ર, ગ્રીન એન્ડ ઈલેકટ્રીક હાઈવે, સ્વાસ્થ્ય પોષણ, કુદરતી સંશાધનોનો વૈવિધ્યપૂર્ણ ઉપયોગ, સ્માર્ટ વિલેજ, પ્રદુષણમુકત ઉર્જા, આટોમેટેડ વેસ્ટ કલેકશન સીસ્ટમ, પાણીનું શુધ્ધીકરણ, ઓઝોન વિનાશ, પ્લાસ્ટીકનું રીસાઈકલીંગ, ઓટોમેટિક આગ ઓલવવાનું યંત્ર, ખાદ્ય સુરક્ષા અને લાઈટ સેન્સર, સર્કીટ સીસ્ટમ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રદર્શનમાં ડાયાબીટીશનું નિવારણ, ચેપી બિન ચેપી રોગોને અસર કરતા પરીબળો, ડેન્ગ્યુ રોગના લક્ષણો અને તેની સારવારના ઉપાયો, દવાની આડઅસર, માનવ સ્વાસ્થ્ય પર નિકોટીનની અસરો, પરંપરાગત આર્યુવેદ તેમજ હોમિયોપેથિક ક્ષેત્રે થયેલી શોધો, સ્ટેમસેલ જેવા આરોગ્ય વિષયક પ્રોજેકટ તથા માહિતી દર્શન પણ પ્રસ્તુત કરાયું છે. તેમજ ગણિત વિજ્ઞાનની આપત્તિ વ્યવસ્થાપન સમયે અગત્યતા, બાયોનિક આઈ, ઈનોવેટીવ સ્પીકર, ત્રિકોણ નિતિય ગુણોત્તરનો વ્યવહારમાં ઉપયોગ જેવા ગાણિતિક મોડેલ દ્વારા અઘરા સવાલોના જવાબ આપવા પ્રયત્ન કરાયો છે.

ઉદઘાટન સમારંભ બાદ દિવ્યાંશુ દવેએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી અને બાળકોએ તૈયાર કરેલા પ્રોજેકટ નિહાળી પ્રભાવિત થયા હતા. તેમણે બાળકો પાસેથી તેમના પ્રોજેકટ અંગે સવિસ્તર માહિતી મેળવી હતી અને તેમની કૃતિઓ બદલ અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા. આ પ્રદર્શન હજુ બુધવાર સુધી ચાલશે.

(તસવીર : સમીર રામી)

### નહીવત ખર્ચે વેસ્ટમાંથી બનાવેલ પ્રોજેક્ટ આકર્ષણનું કેન્દ્ર બન્યું



બાસણની પ્રાથમિક શાળાના ધો. ૭ના પ્રતાપ દેસાઈ, લાખાભાઈ ઠાકોર તથા પલક દેસાઈ દ્વારા નિકોટીનની સ્વાસ્થ્ય પર થતી અસર દર્શાવવા માત્ર એક પ્લાસ્ટિકની બોટલના ઉપયોગ વડે બનાવાયેલ પ્રોજેકટે મુલાકાતીઓનું ધ્યાન ખેંચ્યું હતું. આ પ્રોજેકટમાં બોટલના ઢાંકણ પર કાણું પાડી સિગારેટ ભરાવી હતી અને બોટલના નિચેના ભાગે પાણી બહાર નીકળવા કાણુ પાડી નાની પાઈપનો ટુકડો લગાડ્યો છે. સિગારેટ સળગાવી નીચેની પાઈપ ખોલી દેતા બોટલનું પાણી બહાર નીકળી જાય એટલે સિગારેટનો ધુમાડો બોટલમાં કેદ થઈ જાય તેને ફિલ્ટર પેપરથી ઢાંકી બહાર કાઢતા નિકોટીનના ડાઘ ઉપસી આવે છે જેથી ફેફસા પર થતી અસર આસાનીથી જણાઈ આવે છે. આ ઉપરાંત બોરીજની શાળાની બાળાઓ આશા ચૌહાણ અને ટ્વિંકલ પરમારે થર્મોકોલના બોક્સ વડે બનાવેલ એરકૂલરે પણ પ્રસંશા મેળવી હતી.

## @ગાંધીનગર

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો કાંતિલાલ એન. મકવાણાના નિવાસસ્થાન બંગલા નં. ૬, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સેકટર-૨૧ ખાતે બપોરે ૨ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે ડભોડામાં નિબંધ વકતૃત્વ સ્પર્ધા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે આવેલ એમ.એચ. વિદ્યામંદિર ખાતે કયુ.ડી.સી. કક્ષાની ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની નિબંધ સ્પર્ધા તથા વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી.

વકતૃત્વ સ્પર્ધામાં માધ્યમિક વિભાગની રીતુ પરમાર વડોદરા હાઈસ્કુલ પ્રથમ ક્રમે, સિધ્ધરાજ સોલંકી વલાદ હાઈસ્કુલ બીજા ક્રમે અને કૌશલ પટેલ ગલુદણ હાઈસ્કુલ ત્રીજા ક્રમે વિજેતા બન્યા હતા. તથા ઉચ્ચ માધ્યમિક વિભાગમાં ઘેમર ઠાકોર લવારપુર હાઈસ્કુલ પ્રથમ ક્રમે અને તમન્ના મદલાણી ડભોડા હાઈસ્કુલ બીજા ક્રમે વિજેતા બન્યા હતા. નિબંધ સ્પર્ધામાં માધ્યમિક વિભાગના જય પટેલ ગલુદણ હાઈસ્કુલ પ્રથમ ક્રમે, દ્દષ્ટિ ગજ્જર લવારપુર હાઈસ્કુલ બીજા ક્રમે અને ઈન્દ્રજીત ગૌર વલાદ હાઈસ્કુલ ત્રીજા ક્રમે વિજેતા બન્યા હતા તથા ઉચ્ચ માધ્યમિક વિભાગમાં નિશા પટેલ ડભોડા હાઈસ્કુલના પ્રથમ ક્રમે અને જીનલ પટેલ બીજા ક્રમે વિજેતા બન્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક એન.કે. રથવીએ કર્યું હતું તેમજ વિજેતા વિદ્યાર્થીઓને શ્રી કેળવણી મંડળના પ્રમુખ દિલીપભાઈ પટેલ દ્વારા ઈનામ વિતરણ અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## વાતવાતમાં

● સેંટ ઝેવિયર્સ શાળાના શિક્ષિકા નયનાબેન દેસાઈએ તેમનો જન્મદિવસ આગવી રીતે ઉજવ્યો હતો. તેમણે આખી શાળાના તમામ વિદ્યાર્થીઓને ચોકલેટ ખવડાવી મોં-મીઠું કરાવ્યું હતું.

● શ્રાધ્ધ પક્ષના પ્રારંભે પિતૃ તર્પણ અર્થે નગરજનોએ ધાબા પર જઈ કાગવાસ નાંખ્યો હતો. જો કે રોજ આવી ચઢતા કાગડાઓ ખરા સમયે ના દેખાતા નગરજનોએ અનેક તર્ક વિતર્ક કર્યા હતા.

● નવરાત્રિ ઢૂકડી આવતા આયોજન સમિતિઓએ કમર કસી લીધી છે. રાસ ગરબા માટેના ગ્રાઉન્ડ સમતળ બનાવવાનું કાર્ય સૌથી પહેલા હાથ ધરવામાં આવ્યું છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## શ્રીરામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નાઈટ ટ્રેકીંગ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નાઈટ ટ્રેકીંગ કેમ્પનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. જેમાં સરિસૃપો તેમજ પક્ષીઓની માહિતી આપવામાં આવી હતી. આ કેમ્પમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા. આ નાઈટ ટ્રેકીંગ કેમ્પ સ્નેક લવર્સ કલબના અમિત ગોંડના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

આજના આધુનિક યુગમાં યુવાનો મોબાઈલ પર, ફેસબુક અને વોટસએપમાં વ્યસ્ત હોય છે તેવા સંજોગોમાં નગરના યુવાનો મોટી સંખ્યામાં નાઈટ ટ્રેકીંગ કેમ્પમાં જોડાયા હતા. કેમ્પમાં જોડાયેલા વન્યપ્રેમી અને પર્યાવરણ પ્રેમીઓને પર્વતારોહણ, સરિસૃપોની અને વિવિધ વૃક્ષોની માહિતી આપવામાં આવી હતી. જયારે અન્ય યુવાનોઓ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી જેવી રસપ્રદ પ્રવૃત્તિ કરી હતી. આ કાર્યક્રમમાં સ્નેક લવર્સ કલબના અમિત ગોંડ તેમજ સાથી મિત્રોએ સુંદર આયોજન કર્યું હતું. તમામ પર્યાવરણ મિત્રોએ રાત્રી ભોજન અને સાંસ્કૃતિક પ્રોગ્રામનુંપણ આયોજન કરી મનોરંજન પુરું પાડયું હતું.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે પેરેન્ટીંગ અંગે સેમિનાર



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પેરેન્ટીંગ અંગેનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના આચાર્યા શ્રી નીસરીન મેમ દ્વારા વાલીઓને પારીવારિક મૂલ્યો, ધાર્મિક મૂલ્યો તથા શિસ્તતા શું છે? તે વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

નાના બાળકોને વાલીઓએ કેવી રીતે ઘરે રહીને ભણાવવા તથા બાળકોના માનસિક વલણો સમજવા તથા વાલીગણ જ બાળકોના સર્વસ્વ છે તેની માહિતી આપી તદઉપરાંત બાળકો ભવિષ્યમાં આગળ કેવી રીતે વધે તે અંગેના મૂલ્યો સમજાવીને વાલીઓને માહિતગાર કરાયા હતા. બાળકોના ભાવિનું નિર્માણ કરીને આવનારા પડકારને સરળતાપૂર્વક ઝીલી શકે તે વિશે ચર્ચા વિચારણા કરાઈ હતી. પ્રિ પ્રાયમરી વિભાગના કોર્ડીનેટર શ્રી દીપિકાબેને કાર્યક્રમની આભારવિધિ કરી હતી.



દેના ગ્રામિણ બેંક દ્વારા પ્રધાન મંત્રી યોજના હેઠળ લાભાર્થીઓને ધિરાણ ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો હતો. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગરમાં વિલંબથી મળતી ટપાલો અંગે શહેર વસાહત મહામંડળની રજુઆત

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં અપુરતો સ્ટાફ અને અવ્યવસ્થાને કારણે ટપાલો ઘણા સમય પછી મળે અને અવસર વીત્યા બાદ મળતી હોય છે. જેની રજુઆત શ્રી બીપીનભાઈ વૈષ્ણવ નિવૃત્ત આઈ.એ.એસ. દ્વારા કરવામાં આવી હતી. જેપુરાવાઓ સાથે રજુઆત તર્કબદ્ધ કરી હતી. હૈદરાબાદ-દિલ્હીની ટપાલો ૮ દિવસે મળે છે જયારે સ્થાનિક ટપાલો સે-૧૦ થી ૨૨માં પહોંચતા પાંચ દિવસ અને સે-૧૧ થી સે-૧માં ટપાલ પહોંચતા ૧૯ દિવસ જેટલો સમય જતો હોવાથી અવસર વિત્યે ટપાલની કોઈ કિંમત રહેતી નથી. જેને નિવારવા સ્ટાફની વ્યવસ્થા કરવા, ડીલીવીર પોષ્ટ કચેરી વધારવા પોષ્ટ માસ્તર જનરલશ્રીને દરખાસ્ત કરવા વિનંતી કરવામાં આવેલ છે.

ગાંધીનગરની રચના વખતે દરેક સેકટરમાં પોસ્ટ ઓફિસ માટે પ્લોટ ફાળવેલ હતા પરંતુ સે-૨૦, ૧૯, ૨૩, ૨૪માં હજુ સુધી મકાન બંધાયા નથી. સે-૨૦માં તો પોસ્ટ ઓફીસ બંધ કરી દેવામાં આવેલ છે. સે-૭માં ડીલીવરી પોસ્ટ અને ગ્રાહકોને સંખ્યાને ધ્યાને લઈ મોટું મકાન બનાવવાની વ્યવસ્થા કરવા રજુઆત કરેલ હતી.

મહામંડળના પ્રમુખશ્રી અરૂણભાઈ બુચ, મયુરભાઈ વ્યાસ, સુધીર દેસાઈ, બાબુભાઈ મેસરવાલા વગેરેએ રજુઆતો કરી હતી. ૧૯૯૭ના મેઈલ ઓર્ડર એકટમાં સુપ્રીના ચુકાદા અનુસંધાને બહુમાળી મકાનો બાંધતી વખતે જ પોસ્ટબોક્ષની વ્યવસ્થા કરવાનો આદેશ કરેલ હતો. આમ મહામંડળે રાજય સરકારને ડીલીવરી કચેરી અને પોષ્ટખાતાના વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ હતી.

## ટૂંકી વાર્તાની વિભાવના અને રચના વિશે શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સે-૨૩ ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓને ટૂંકી વાર્તાની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે અને ટૂંકીવાર્તાનું લેખનકાર્ય કરે તે હેતુથી તા. ૨૯-૯-૧૫ના રોજ આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમના આરંભે પ્રા.શ્રી નરેન્દ્રભાઈ નાયીએ ઉપસ્થિત મહેમાનશ્રીનો પરિચય આપી સાહિત્યના ક્ષેત્રે તેમણે આપેલા પ્રદાન વિશેની માહિતી આપી હતી. ત્યારબાદ ડૉ. સોમભાઈ પટેલે વાર્તા એટલે શું? ટૂંકી વાર્તામાં કથાવસ્તુ, પાત્રાલેખન કલા, ભાષાશૈલી, સંવાદકલા અને સંઘર્ષ કેવો હોવો જોઈએ એના વિશે ઝીણવટપૂર્વક માહિતી આપી વિવિધ વાર્તાકારોની વાર્તાઓની માહિતી આપી હતી. ત્યારબાદ શિબિરાર્થીઓએ વાર્તાલેખન કરી પોતાની સ્વરચિત વાર્તાનું પઠન કર્યું હતું. પરંતુ કાર્યક્રમમાં ડૉ. આર.જે. વ્યાસ, જર્નાલિઝમના મિતેશભાઈ મોદી વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

## ભકત સાંયાજી ઝુલાની જન્મજયંતિએ ભજન સંધ્યા

ગાંધીનગર, તા.૨૯

સમસ્ત ચારણ ગઢવી સમાજના સંત શિરોમણી ભત કવિ સાંયાજી ઝુલાની જન્મજયંતિની ઉજવણી આગામી તા. ૬ ઓકટોબરના રોજ કરવામાં આવશે. આ પ્રસંગે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોક સાહિત્યકાર ભિખુદાન ગઢવી, હાસ્યનો ખજાનો હકાભા ગઢવી અને બેન્જોવાદક લાભુદાન ગઢવી દ્વારા વિવિધ કાર્યક્રમો રજુ કરાશે. કાર્યક્રમમાં પધારવા દિલીપ રતનસિંહ ચારણ તેમજ સયાજી પરિવારે ભાવભર્યુ આમંત્રણ નગરજનોને પાઠવ્યું છે.

# પ્રેમીકા નારાજ થતાં સે-૩ના યુવાને દારૂ ગટગટાવ્યો...!

**દારૂ પીને બગીચા પાસે ફેન્સીંગમાં પડતા ઈજાગ્રસ્ત યુવાનને હોસ્પિટલ ખસેડાયો : પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી યુવાનની ધરપકડ કરી**

ગાંધીનગર, તા.૨૯

શહેરના સેકટર-૩ વિસ્તારમાં રહેતો ૨૧ વર્ષીય યુવાન જે આજે બપોરના અરસામાં સે-૩ના બગીચા પાસે તારની ફેન્સીંગમાં ઘુસી ગયો હતો તેને ૧૦૮ એમ્બ્યુલન્સ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ આવી...! તબીબ દવા દારૂ શરુ કરે તે પહેલા દારૂની અસહ્ય દુર્ગંધ આવવા લાગી. પોલીસને બોલાવી લેવાતા સે-૭ પોલીસે પ્રોહીબીશનનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરુ કરી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે તે યુવાને તેની પ્રેમીકા નારાજ થઈ જતા ભર બપોરે દારૂ ઢીંચી લીધો હતો.

બપોરના અરસામાં સેકટર-૩ના બગીચા પાસે એક સ્થાનિક યુવાન દારૂ પીધેલી હાલતમાં ફરતો હતો. નશામાં ડુબી ગયેલો આ યુવાન થોડી જ વારમાં બગીચાની ફરતે કરેલી તારની ફેન્સીંગમાં ઘુસી જતા લોહીલુહાણ થઈ ગયો હતો. રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ભેગો કર્યો ને ત્યાં તબીબે તપાસ કરી તો યુવાન પીધેલો હતો. સિવિલમાંથી સે-૭ પોલીસ મથકમાં ગયેલી વર્ધીને આધારે જમાદાર અશોકભાઈ ચૌધરી સિવિલમાં પહોંચી ગયા હતા અને યુવાન સામે પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. મળતી માહિતી મુજબ આ યુવાન જે યુવતીને પ્રેમ કરે છે તે પ્રેમિકાએ તેનાથી નારાજ થઈને હવે સંબંધ રાખવાનો ઈન્કાર કરી દીધો હતો જેથી ગમ ભરાઈ જતા દારૂ પીધો હતો...!

## ગાંધીનગરના ખેલાડીઓ રાજયકક્ષાની રોલ બોલ સ્પર્ધામાં તૃતીય સ્થાને



ગાંધીનગર, તા.૨૯

વડોદરામાં પ્રથમવાર રાજયકક્ષાની રોલ બોલનું આયોજન ગુજરાત પબ્લિક સ્કુલ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં અંડર-૧૧ અને અંડર-૧૪ની ગુજરાતની ૧૫થી વધુ ટીમોએ ભાગ લીધો હતો. વડોદરા, ગાંધીનગર, ભરૂચ, સુરત, અમદાવાદ, બીલીમોરા, નવસારી વગેરે સ્થળેથી ૩૦૦થી વધુ ખેલાડીઓ આવ્યા હતા. સ્પર્ધામાં પસંદગી પામેલ ટીમ ઓકટોબરમાં સુરત ખાતે રાષ્ટ્રીયકક્ષાની રોલબોલ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. ગાંધીનગર ગ્રામ્યના ઓમકાર, દિવ્ય, ક્રિષ્ના, સવ્યસચી, પ્રેમ, ધ્રુવ, ફેનીલ, નીશાંત, જીલ, ઋષભ, નવદિપ અને રાહુલ આ ખેલાડીઓ તૃતીય સ્થાન પર આવ્યા છે. જેઓના કોચ ભાર્ગવ આયર, કલ્પેશ દવેએ તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવેલ છે.

# નગરમાં શ્રાધ્ધ પર્વ દરમિયાન એક લાખ લીટર દૂધનો વપરાશ વધશે



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં પિતૃ તર્પણના પર્વ શ્રાધ્ધ પક્ષના પ્રારંભથી જ નગરમાં દુધના વપરાશમાં જંગી વધારો થયો છે. નગરની મધુર ડેરી દ્વારા વિવિધ કેન્દ્રો પર રોજનું ૭૨ હજારથી ૮૦ હજાર લીટર દૂધનું વેચાણ કરવામાં આવે છે. પરંતુ શ્રાધ્ધ પક્ષના સમય દરમિયાન રોજનું સાત હજારથી દશ હજાર લીટર દુધનો વપરાશ વધી જાય છે. નોમના શ્રાધ્ધના દિવસે સૌથી વધુ દુધની માંગ નગરજનોમાં હોય છે. ત્યારે શ્રાધ્ધપક્ષના સમયગાળા દરમિયાન ૧ લાખ લીટર દુધ શહેરીજનો પી જાય છે.

શ્રાધ્ધ પક્ષનો પ્રારંભ થઈ ગયો છે. શ્રાધ્ધના દિવસો દરમિયાન તિથિ મુજબ પોતાના પિતૃઓના આત્માની શાંતિ માટે તેમનું આહવાન કરી ખીર-પુરી સહિત વિવિધ વાનગીઓ અર્પણ કરવામાં આવે છે. હિન્દુ પૌરાણિક ગ્રંથો અને માન્યતા અનુસાર ભાદરવા મહિનાની પૂનમથી લઈને આસો માસની અમાસ સુધીના સમયને શ્રાધ્ધ પક્ષ તરીકે માનવામાં આવે છે. શ્રાધ્ધ પક્ષને પવિત્ર માનવામાં આવતું હોવાથી પોતાના સ્વજન પિતૃઓની આત્માની શાંતિ માટે બાળકોને તેમજ બ્રાહ્મણોને ભોજન કરાવવામાં આવે છે. જેમાં ખીર-પુરી સહિત વિવિધ વાનગી બનાવવામાં આવે છે. શ્રાધ્ધમાં મુખ્ય ખીર હોવાથી દુધનો વપરાશ વધી જાય છે. ગાંધીનગર શહેરમાં પણ આ સમયગાળા દરમિયાન દુધના વપરાશમાં જંગી વધારો જોવા મળે છે શહેરની મધુર ડેરી દ્વારા રોજનું ૮૦ હજાર જેટલું દુધ શહેરના ૧૬૫ કેન્દ્રો પર પહોંચાડવામાં આવે છે. પરંતુ શહેરીજનો શ્રાધ્ધમાં પોતાના સ્વજનની આત્માની શાંતિ માટે બ્રાહ્મણો, બાળકો, સગા, સ્નેહીજનો સહિતને ભોજન કરાવે છે જેથી દુધનો વપરાશ વધી જાય છે. શહેરમાં રોજનું ૮૦ હજાર લીટર દુધ વપરાય છે તે ઉપરાંત બીજા ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ લીટર દુધની માંગ વધી જાય છે. મધુર ડેરી પાસે દુધ ઉપલબ્ધ હોવાથી શહેરીજનોને આસાનીથી જોઈએ તેટલું દુધ પુરું પાડે છે. મધુર ડેરીના સુત્રોએ જણાવ્યા અનુસાર એક થી ત્રીસ સેકટર તેમજ જીઈબી વિસ્તાર સહિતના કુલ ૧૬૫ કેન્દ્રો મધુર ડેરીના આવેલા છે. દશ રુટમાં દુધની વહેંચણી કરવામાં આવે છે અને નગરજનોને સહેલાઈથી સમયસર દુધ ઉપલબ્ધ થાય છે જયારે સાંજે ચાર રુટમાં દુધ મોકલવામાં આવે છે. નોમના શ્રાધ્ધનો મહિમા વધુ હોવાથી આ દિવસે દુધની જબરદસ્ત માંગ હોય છે. શ્રાધ્ધ પર્વ દરમિયાન શહેરીજનો દુધ પીવામાં તેમજ પીવડાવવામાં પાછું વાળીને જોતા નથી. શહેરીજનો ૧૬ દિવસના શ્રાધ્ધના સમયગાળામાં એક લાખ લીટરથી પણ વધુ દુધ પી જાય છે.

## વિધાનસભા ખાતે મહાત્મા ગાંધી અને પંડિત શ્યામજી કૃષ્ણવર્માના તૈલચિત્રને પુષ્પાંજલિ અપાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભા ગૃહમાં અને પટાંગણમાં આવેલ મહાત્મા ગાંધીજીના તૈલચિત્ર તેમજ પ્રતિમાને તા. ૨ ઓકટોબર ૨૦૧૫ના રોજ તેમની ૧૪૭મી જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ આપવામાંઆવશે. વધુમાંઆગામી તા. ૪ ઓકટોબરના રોજ ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્માની ૧૫૯મી જન્મજયંતિ નિમિત્તે વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને પણ પુષ્પાંજલિ આપવાનું વિધાનસભા અધ્યક્ષશ્રી દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

આગામી તા ૨-૧૦-૧૫ અને ૪-૧૦-૧૫ને શુક્રવાર અને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે યોજાનાર પુષ્પાંજલિ કાર્યક્રમમાં જાહેર જનતાને ઉપસ્થિત રહેવા વિધાનસભાની યાદીમાં જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. રણવિજય કાલીચરણ કુશવાહા, ઉ.વ. ૩૫
- સ્વ. પટેલ કમળાબેન શામળભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. દિલીપકુમાર રમણિકલાલ દવે, ઉ.વ. ૬૪
- સ્વ. ભીખાજી મગનજી ભાટીયા, ઉ.વ. ૬૩
- સ્વ. રામશિરોમણી રામદાસસિંહ, ઉ.વ. ૭૦
- સ્વ. ચૌધરી કહરાભાઈ ખુશાલભાઈ, ઉ.વ. ૯૫